# અમદાવાદના મોટેરા સ્ટેડિયમને વિશ્વનું બીજું ‘મેલબોર્ન’ બનાવવા માટે L&Tને કામ સોંપાયું

Dec 8, 2016



**અમદાવાદ**-અમદાવાદના મોટેરા સ્ટેડિયમને વિશ્વનું બીજું ‘મેલબોર્ન’ બનાવવા માટે ગુજરાત ક્રિકેટ એસોસિયેશન (જીસીએ)એ આયોજન હાથ ધર્યું છે. ઑસ્ટ્રેલિયાના વિશ્વપ્રસિદ્ધ મેલબોર્ન સ્ટેડિયમ કરતાં પણ વધુ એટલે કે 1 લાખ 10 હજાર દર્શકો એકસાથે ક્રિકેટરોની ફટકાબાજી નિહાળી શકે તેવી બેઠક વ્યવસ્થા સાથે મોટેરા સ્ટેડિયમને મોટેરા સ્ટેડિયમને વર્લ્ડક્લાસ બનાવવા માટે જીસીએએ રિ-ડેવલોપ પ્રોજેક્ટ મૂક્યો છે. આ પ્રોજેક્ટ મુજબ મોટેરા સ્ટેડિયમને 63 એકરમાં ડેવલપ કરી વિશ્વનું સૌથી વધુ બેઠક વ્યવસ્થા ધરાવતું સ્ટેડિયમ બનાવવાનો નિર્ણય લેવાયો છે. મોટેરા સ્ટેડિયમની કાયાપલટ માટે એલ એન્ડ ટી કંપનીને કામ સોંપવામાં આવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વપ્નને સાકાર કરવા ગુજરાત ક્રિકેટ એસોસિએશના ઉપપ્રમુખ પરિમલ નથવાણી દ્વારા આજે આ કામ માટેનો લેટર ઓફ એક્સેપ્ટન્સ L&T કંપનીને સોંપ્યો હતો. હાલ જુના સ્ટેડિયમને સંપૂર્ણ રીતે જમીનદોસ્ત કરીને સપાટ મેદાન કરી દેવાયું છે. હવે કંપની દ્વારા નવી ડિઝાઈન અને નવા કનસેપ્ટ સાથે નવું સ્ટેડિયમ આંરરાષ્ટ્રીય કક્ષાનું અને ઓસ્ટ્રેલિયાના મેલબોર્ન ક્રિકેટ સ્ટેડિયમની હરોળનું બનાવશે. નવાં રંગ-રૂપ અને કલેવર સાથે મોટેરા સ્ટેડિયમની વર્ષ 2019 સુધીમાં આ સ્ટેડિયમ સંપૂર્ણ તૈયાર થઈ જાય તેવી શક્યતા છે.

જીસીએ દ્વારા સ્ટેડિયમને વર્લ્ડ ક્લાસ બનાવવા માટે તેમજ ખેલાડીઓ માટેની તમામ જરૂરી સુવિધાઓને ધ્યાનમાં રાખીને નવું સ્ટેડિયમ તૈયાર કરવાનું પ્લાનિંગ કરવામાં આવ્યું છે. સુવિધાઓની સાથેસાથે લેટેસ્ટ ટેક્નોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવશે. ક્રિકેટને વિદ્યાર્થીઓમાં પ્રમોટ કરવા માટે મેચ દરમિયાન શાળા-કોલેજના વિદ્યાર્થીઓ માટે ખાસ સુવિધા ઊભી કરશે. નવા મોટેરા સ્ટેડિયમમાં ક્રિકેટના મેદાન ઉપરાંત ટૅનિસ કોર્ટ સહિત ઈન્ડોર ગેમ માટેના નાના સ્ટેડિયમો પણ તૈયાર કરાશે.

ભારતીય ક્રિકેટના સીમાચિહ્ન ખેલાડીઓ કપિલ દેવ, સુનિલ ગવાસ્કર અને સચીન તેંડુલકરના અનેક વર્લ્ડ રેકોર્ડનું સાક્ષી બનેલું અમદાવાદનું સરદાર વલ્લભભાઈ પટેલ મોટેરા સ્ટેડિયમ હવે ખુદ વિશ્વ વિક્રમ સ્થાપવા જઈ રહ્યું છે.